**વિષય : ગુજરાતી** **ધોરણ : 7** **સત્ર : 1**

# એકમ કસોટી

## 2. આજની ઘડી રળિયામણી **જવાબવહી**

### પ્રશ્ન-1. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

**(1) વહાલાજીના આવવાના સમાચાર સાંભળી સખી કેવી કેવી તૈયારી કરે છે ?**

**ઉત્તર** : વહાલાજીના આવવાના સમાચાર સાંભળી સખી આલાલીલા વાંસ વઢાવીને તેનો મંડપ તૈયાર કરવાનું કહે છે; આસોપાલવ, આંબો અને નાળિયેરનાં પાનનાં તોરણ તૈયાર કરી બાંધવાનું કહે છે; ચોકમાં મોતીની રંગોળી પૂરવાનું કહે છે. આમ, સખી આવી તૈયાર કરે છે.

**(2) સખી વહાલાજીનું સ્વાગત કેવી રીતે કરશે ?**

**ઉત્તર** : સખીએ ગંગાજમુનાનાં પવિત્ર નીર મંગાવ્યા છે અને તે આ પવિત્ર જળ વડે વહાલાજીના ચરણ ધોઈને તેમનું સ્વાગત કરશે.

**(3) ગોપીને આજની ઘડી રળિયામણી શા માટે લાગે છે ?**

**ઉત્તર** : ગોપીને મન ભગવાન શ્રીકૃષ્ણ સિવાય બીજું કશું જ વિશેષ નથી. તેને મન તો શ્રીકૃષ્ણ જ અત્યંત વહાલો છે. આ વહાલાજી સખીને ઘેર પધારવાના છે, તેની વધામણી તેને મળી છે, તેથી તેને આજની ઘડી રળિયામણી લાગે છે.

**(4) વહાલાજી માટે શાનો મંડપ બનાવવામાં આવી રહ્યો છે ?**

**ઉત્તર** : વહાલાજી માટે લીલા અને સૂકા વાંસનો મંડપ બનાવવામાં આવી રહ્યો છે.

### પ્રશ્ન-2. નીચે આપેલા વાક્યોમાં રેખાંક્તિ શબ્દોમાંથી ખોટા શબ્દ પર × નિશાની કરો.

| | **ખોટા શબ્દ** |
|---|---|
| **(1)** નળમાં ખૂબ પાણી આવે છે. | નર ✕ |
| **(2)** નાના બાળકના વાળ ખૂબ સુંદર હોય છે. | વાર ✕ |
| **(3)** અમારા બગીચામાં રામજીકાકા માળી કામ કરે છે. | મારી ✕ |
| **(4)** એમની પાસે લાલ ગુલાબ છે. | લાળ ✕ |

## એકમ કસોટી

## 2. આજની ઘડી રળિયામણી જવાબવહી

**પ્રશ્ન-3. નીચે આપેલા શબ્દોના અર્થ લખો.**

**(1)** ઘડી - ક્ષણ

**(2)** રળિયામણું - સુંદર

**(3)** તરિયાતોરણ - ત્રણ જાતનાં પાનનું તોરણ

**(4)** સોહાગણ - સૌભાગ્યવતી

**પ્રશ્ન-4. નીચે આપેલી કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

સખી, આજની ઘડી રળિયામણી;

------------------------------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------------------------------

ગંગાજમનાનાં નીર મંગાવીએ;

ઉત્તર : સખી, આજની ઘડી રળિયામણી;

મારો વહાલોજી આવ્યાની વધામણી જી રે. સખી... ... ...

સખી, આલાલીલા વાંસ વઢાવીએ;

મારા વહાલાજીના મંડપ રચાવીએ જી રે. સખી... ... ...

તરિયાતોરણ બારે બંધાવીએ;

મોતીડે ચોક પુરાવીએ જી રે. સખી... ... ...

ગંગાજમનાનાં નીર મંગાવીએ;